# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-09-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: Thursday** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

*****************************************************

1) ભારત અને બેલ્જિયમે વેપાર , રોકાણ અને આર્થિક સહયોગને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા દોહરાવી.

2) ભારત અને બેલ્જિયમે અનેક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ભારત અને બેલ્જિયમ પરસ્પર ગાઢ સંબંધો ધરાવે છે.

4) કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારતના જીડીપીમાં 7.8 ટકાનો વૃદ્ધિ દર હાસલ કરવામાં MSMEની મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરી.

5) કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતીન ગડકરીએ કહ્યું ભારત પાસે વિશ્વનું પ્રથમ ઓટોમોબાઈલ ઉદ્યોગ બનવાની ક્ષમતા છે.

6) મહિલા એશિયા T-20 ક્રિકેટ મેચમાં ભારતનો મુકાબલો દુબઈમાં હોંગકોંગ સામે થશે.

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INDIA-BELGIUM JOINT STATEMENT

**ભારત અને બેલ્જિયમે આજે વેપાર, રોકાણ અને આર્થિક સહયોગને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા દોહરાવી છે. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી અને બેલ્જિયમના પ્રધાનમંત્રી બાર્ટ ડી વીવર વચ્ચેની વાટાઘાટો બાદ જા હેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં, બંને નેતાઓએ દ્વિપક્ષીય વેપારમાં વિવિધ ક્ષેત્રોની વધતી ભાગીદારીનું સ્વાગત કર્યું હતું. બંને દેશોએ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. બંને દેશોએ ફાર્માસ્યુટિકલ્સ , લાઇફ સાયન્સિસ, સેમિકન્ડક્ટર, સંરક્ષણ ઉત્પાદન, નિર્ણાયક ખનિજો, અક્ષય ઊર્જા , બંદરો, લોજિસ્ટિક્સ, સ્પેસ અને અદ્યતન ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં વ્યાપક સહયોગની શક્યતાઓ ઓળખી છે.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ........**

## (VC: AJAY INDREKAR)

*(બંને નેતાઓએ ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો સફળતાપૂર્વક પૂર્ણ થવાનું સ્વાગત કર્યું અને તેને સમયસર અમલમાં મૂકવાની હાકલ કરી. બેલ્જિયમે આતંકવાદ સામેની લડાઈમાં ભારત સાથે એકજૂથતા વ્યક્ત કરી અને પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી. બંને દેશો આતંકવાદ સામેનો સહયોગ મજબૂત કરવા અને આતંકવાદ વિરોધી સંયુક્ત કાર્યકારી જૂ થની રચના કરવાની શક્યતાઓ શોધવા પર સહમત થયા હતા. બંને દેશોએ સંરક્ષણ સહયોગ મજબૂત કરવા માટે આશય પત્ર પર પણ હસ્તાક્ષર કર્યા. આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુનાઓ અને સાયબર ગુનાઓ સામે લડવા માટે CBI અને બેલ્જિયમની ફેડરલ પોલીસ વચ્ચે સમજૂતી કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બેલ્જિયમે સુધારેલી અને વિસ્તૃત સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી સભ્યપદની ઉમેદવારી માટે પોતાનું સમર્થન દોહરાવ્યું હતું. બંને નેતાઓએ સેમિકન્ડક્ટર , કૃત્રિમ બુદ્ધિમતા , સ્ટાર્ટઅપ્સ અને ઉભરતી ટેકનોલોજીમાં સહયોગ વધારવાનું પણ સમર્થન કર્યું હતું. બંને દેશોએ વિઝા પ્રક્રિયાની ક્ષમતા વધારીને સંપર્ક અને લોકો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા અને સીધી હવાઈ સેવા શરૂ કરવાની શક્યતાઓ શોધવા પર સહમતિ દર્શાવી હતી. બંને નેતાઓએ યુક્રેન અને પશ્ચિમ એશિયાની સ્થિતિ સહિતના આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને વિવાદોના ઉકેલ માટે સંવાદ તેમજ મુત્સદ્દીગીરીના સમર્થનની પુષ્ટિ કરી. અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# PM BELGIUM

ભારત અને બેલ્જિયમે આજે અનેક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. આમાં સંરક્ષણ સહયોગ પર આશય પત્ર તથા અક્ષય ઊર્જા , સાયબર ગુના સહિતના આંતરરાષ્ટ્રીય ગુનાઓ સામે લડવા અને રાજનૈતિક તાલીમના ક્ષેત્રોમાં સમજૂતી કરારનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેલ્જિયમના પ્રધાનમંત્રી બાર્ટ ડી વેવર સાથે આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બંને નેતાઓએ પરસ્પર સંબંધોના તમામ પાસાઓ તથા પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી.

સંયુક્ત પત્રકાર પરિષદમાં પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે વિશ્વ હાલમાં ભારે ઉથલપાથલના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને વિશ્વના ઘણા ભાગોમાં સંઘર્ષની સ્થિતિ છે.

(BYTE: PM ON GROWTH)

શ્રી મોદીએ જણાવ્યું કે ભારત અને બેલ્જિયમના સંબંધો લાંબા ગાળાના છે. તેમણે ઉમેર્યું કે સહિયારા લોકતાંત્રિક મૂલ્યો, બજાર અર્થતંત્ર અને લોકો વચ્ચેનો સંપર્ક બંને દેશોને કુદરતી ભાગીદાર બનાવે છે.

બેલ્જિયમના પ્રધાનમંત્રી બાર્ટ ડી વેવરે પોતાના વક્તવ્યમાં ભારતને સૌથી મોટો લોકશાહી ધરાવતો અને ઝડપથી વિકસતો અર્થતંત્ર ધરાવતો દેશ ગણાવ્યો તથા એક મહત્વપૂર્ણ સહયોગી કહ્યો.

# PM ON UP FLOOD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વારાણસીના સાંસદે આજે તેમના સંસદીય ક્ષેત્રમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી. તેમણે વારાણસીમાં પૂરની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી મેળવવા માટે વારાણસીના જિલ્લા કલેક્ટર સત્યેન્દ્ર કુમાર સાથે ટેલિફોન પર વાતચીત કરી.

# RAJNATH - BELGIUM DEF MIN

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભારત અને બેલ્જિયમ પરસ્પર ગાઢ સંબંધો ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે બંને દેશો શાસન-આધારિત વૈશ્વિક વ્યવસ્થા માટે પ્રતિબદ્ધ છે. સંરક્ષણમંત્રીએ નવી દિલ્હીમાં બેલ્જિયમના સંરક્ષણ મંત્રી થિયો ફ્રેન્કેન સાથે પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

બેલ્જિયમના સંરક્ષણ પ્રધાન થિયો ફ્રેન્કેનએ ભારતને વિશાળ વસ્તી અને ઉચ્ચ ટેકનોલોજી ધરાવતો દેશ ગણાવ્યો. તેમણે ભવિષ્યના પ્રોજેક્ટ્સ પર બેલ્જિયમ સાથે સહયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# GOYAL - FTA

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતના જીડીપીમાં 7.8 ટકાનો વૃદ્ધિ દર હાસલ કરવામાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોની મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરી. તેમણે નવી દિલ્હીમાં મુક્ત વ્યાપાર કરાર આઉટરીચ કાર્યક્રમ પર આયોજિત રાષ્ટ્રીય કાર્યશાળાની અધ્યક્ષતા કરતી વખતે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, ભારતે છેલ્લા કેટલાક મહિનામાં અનેક મુક્ત વ્યાપાર કરારો કર્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ [newsonair.gov.in/](newsonair.gov.in/)સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GADKARI - SIAM

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતીન ગડકરીએ જણાવ્યું છે કે , નવીનતા, ગુણવત્તા અને સ્પર્ધાત્મક કિંમતોના આધારે ભારત પાસે વિશ્વનું પ્રથમ ઓટોમોબાઈલ ઉદ્યોગ બનવાની ક્ષમતા છે. તેમણે નવી દિલ્હીમાં સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સના 66મા વાર્ષિક સંમેલનને સંબોધિત કર્યું હતું. કેન્દ્રીય મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દેશની આર્થિક વૃદ્ધિમાં આ ઉદ્યોગનું યોગદાન સતત વધતું રહેશે.

**(BYTE - NITIN GADKARI, SI 27 SEC)**

***(ઓટોમોબાઈલ ઉદ્યોગનું કુલ કદ આશરે 22 લાખ 75 હજાર કરોડ રૂપિયા છે. દેશના કુલ જીએસટી સંગ્રહમાં ઓટોમોબાઈલ ઉદ્યોગનું યોગદાન લગભગ 15 ટકા છે. આ ઉદ્યોગ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આશરે ચાર કરોડ લોકોને રોજગારી પૂરી પાડે છે. વર્ષ 2025-26 ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ રહ્યું છે. આ દરમિયાન ઉદ્યોગની નિકાસમાં 24 ટકાનો વધારો નોંધાયો છે.)***

# SITHARAMAN INDIA REFORMS

નાણામંત્રી નિર્મળા સીતારામને ન્યૂયોર્કમાં યોજાયેલા એક ઉચ્ચસ્તરીય વ્યાપારી ગોળમેજી સંમેલનમાં રોકાણકારો સમક્ષ ભારતના સુધારા-આધારિત વિકાસ વિશે ચર્ચા કરી. તેમણે 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશના 7.8 ટકા આર્થિક વિકાસ અને રોકાણનો પણ ઉલ્લેખ કર્યો. નાણા મંત્રાલયે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, બેંક ઓફ અમેરિકાના સહયોગથી ભારતીય વાણિજ્ય દૂતાવાસે આ સંમેલનનું આયોજન કર્યું હતું.

# BIHAR FLOOD

**બિહારમાં પટના અને અન્ય કેટલાક જિલ્લાઓમાં ગંગા નદીની જળસપાટી સતત વધી રહી છે.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ...........**

## (VC: KARAN SAMRAT)

***(આપત્તિ વ્યવસ્થાપન વિભાગે ગંગાના વધતા જળસ્તરને લઈને એલર્ટ જાહેર કર્યું છે. વિભાગના જણાવ્યા અનુસાર પટનાના ગાંધી ઘાટ પર આજે રાત્રે અને મોકામાના હાથીદહમાં આવતીકાલે બપોરે ગંગાની જળસપાટી સર્વોચ્ચ પૂર સ્તરને પાર કરી શકે છે. ભોજપુર, પટના, સારણ, વૈશાલી, નાલંદા, બેગુસરાય, લખીસરાય અને જહાનાબાદના નદી કિનારા તથા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવા અને જોખમથી બચવાની અપીલ કરવામાં આવી છે. કટોકટીની સ્થિતિમાં રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના 1070 નંબર પર સંપર્ક કરી શકાય છે. સવિતા પારેખ સાથે કરન સમ્રાટ આકાશવાણી સમાચાર, અમદાવાદ.)***

# VAISHNAW-RAILWAYS

રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે રેલ્વે ક્ષમતા વધારવા , સિગ્નલિંગ સુધારવા અને ઓટોમેટિક દરવાજા સુવિધા સાથે નવી પેઢીની ઉપનગરીય ટ્રેનો શરૂ કરવા માટે વ્યવસ્થિત કાર્ય કરી રહી છે. તેમણે કહ્યું કે , મુંબઈમાં 18 હજાર કરોડ રૂપિયાના રેલ્વે પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. તેઓ આજે નવી દિલ્હીથી વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા મુંબઈથી સિંધુદુર્ગ એક્સપ્રેસ ટ્રેનના લોકાર્પણ સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.

# GUJ-ENERGY

નવી અને નવીનીકરણીય ઉર્જા રાજ્યમંત્રી શ્રીપદ યેસો નાઈકે ભાર મૂક્યો હતો કે દેશની બિન-અશ્મિભૂત ઇંધણ ક્ષમતા 300 ગીગાવોટને વટાવી ગઈ છે , જે 2030 સુધીમાં 500 ગીગાવોટના લક્ષ્ય તરફ દેશની સફરમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

અમદાવાદમાં ભારત નવીનીકરણીય ઉર્જા સમિટ અને એક્સ્પો 2026 માટેના રોડ શોમાં બોલતા, કહ્યું કે આ મહત્વાકાંક્ષી લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે નવીનીકરણીય ઉત્પાદન, ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર , ઉર્જા સંગ્રહ , ગ્રીન મેન્યુફેક્ચરિંગ અને નવીન ધિરાણને આવરી લેતી એક સંકલિત ઇકોસિસ્ટમની જરૂર છે.

# JOSHI-MEET

શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ આજે ઉચ્ચ શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે 'ભારત ઇનોવેટ્સ' પહેલના મહત્વપૂર્ણ પાસાઓ પર ચર્ચા કરી.

શ્રી જોશીએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે , આ પહેલનો ઉદ્દેશ્ય દેશના સંશોધન અને વિકાસ આધારિત મંચને વૈશ્વિક સ્તર પર પ્રદર્શિત કરવાનો અને સહયોગની વધુ તકો ઉભી કરવાનો છે.

# WEATHER

હવામાન વિભાગે આવતીકાલે પૂર્વ મધ્ય પ્રદેશમાં મુસળધાર વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગે આવતીકાલે બિહાર , પૂર્વ રાજસ્થાન, પશ્ચિમ બંગાળના ગાંગેય વિસ્તાર , સિક્કિમ, ઉત્તરાખંડ અને મધ્ય પ્રદેશમાં ગાજવીજ અને વીજળીના કડાકા સાથે વરસાદનું અનુમાન કર્યું છે. બીજી તરફ , દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, વિદર્ભ, મહારાષ્ટ્ર, ઓડિશા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની શક્યતા છે.

# JHARKHAND - WEATHER

ઝારખંડમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ બાદ ઘણા વિસ્તારોમાં પૂર અને પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. જોકે વરસાદ બંધ થયા પછી કેટલીક નદીઓની જળસપાટી ઘટી છે , પરંતુ વહીવટીતંત્ર ઘણા વિસ્તારોમાં પરિસ્થિતિ પર ચુસ્ત નજર રાખી રહ્યું છે.

# T -20 CRIKET

આજે મહિલા એશિયા કપ T -20 ક્રિકેટ મેચમાં ભારતનો મુકાબલો હોંગકોંગ સામે થશે. આ મેચ દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રાત્રે 8 વાગ્યાથી રમાશે.

# EVE REV SPO-BADMINTON

બેડમિન્ટનમાં, ચાઇના માસ્ટર્સ સુપર 750 માં ભારતના કિદામ્બી શ્રીકાંત અને ટોચની પુરુષ ડબલ્સ જોડી , સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા.